**<u>ક્રિમીનલ અપીલ નં. ૧૫/૨૦૨૪</u>**

**<u>આંક:૦૪ની અરજી લગત હુકમ</u>**

(૧) આ કામે હાલના અરજદારોએ આ અરજી ધી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૮૯ નીચે અપીલ ચાલતાં સમય દરમ્યાન તેમને જામીન ઉપર મુકત કરવા માટે કરેલ છે. અરજદારો તરફે વિ.વ.શ્રી એસ.એ.નાગુજીને તથા સામાવાળા તરફે વિ. એ.પી.પી. શ્રી જે.કે. ચૌહાણને સાંભળ્યા.અરજદારોહાલની અપીલ સંજેલીના વિ. જ્યુ.મેજી.ફ.ક.શ્રીની કોર્ટના ક્રિમી. કેસ નં. ૩૪૧/૨૨ ના કામે તેઓને ઈ.પી.કો.ક. ૩૨૩,૧૧૪ મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવી ૬(છ) માસની સાદી કેદની સજા તથા પ્રત્યેક અરજદારને રૂા. ૧ ૦૦૦એમ કુલ મળી રૂા. ૩,૦૦૦/− નોદંડ, દંડની રકમ ન ભરે તો વધુ ૧૦ દિવસની સાદી કેદની સજા એ રીતે કરેલ સજા વિરૂધ્ધ કરેલ છે. અહી અરજદારો વિરૂધ્ધ ફરમાવવામા આવેલ સજા વધુમા વધુ ત્રણ વર્ષની છે. અહી ના. સર્વોચ્ચ અદાલતે **Surinder Singh Deswal @ Deswal & Ors. Vs. Virender Gandhi & Anr. (Criminal Appeal Nos. 1936-1963 fo 2019)** મા ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લેતા તેમજ અરજદારો ચાલુ ટ્રાયલ દરમ્યાન જામીન મુકત હોઈ તેમના વિરૂધ્ધ થયેલ સજાનો હુકમ અપીલ પીરીયડ પુરતો મોકુફ રાખી અરજદારોને યોગ્ય શરતોને આધીન અપીલ પીરીયડ દરમ્યાન જામીન ઉપર મુકત કરવા યોગ્ય જણાતુ હોઈ નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**:: <u>હુકમ</u> ::**

અરજદારોની હાલની અરજી મંજુર કરવામા આવે છે.

પ્રત્યેક અરજદારે **રૂા.૨૫,૦૦૦/−**ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા અત્રેની કોર્ટમા રજુ કરેથી નીચેની શરતોને આધીન અપીલ પીરીયડ દરમ્યાન જામીન મુકત કરવામા આવે છે.

<u>**શ ર તો**</u> : –

(૧) અરજદારોએ અદાલતની પૂર્વ પરવાનગી વગર પોતાનુ રહેઠાંણનુ સરનામુ બદલવુ નહી.

(૨) અરજદારોએ અદાલત જયાં અને જયારે ફરમાવે ત્યારે હાજર રહેવુ.

(૩) અરજદારોએ પોતાના તથા જામીનદારના તાજેતરના બે પાસપોર્ટ સાઈઝના ફોટા તથા ટેલીફોન/મોબાઈલ નંબર પુરાવામા માન્ય રહે તેવુ એડ્રેસપ્રુફ જામીનખત આપતી વખતે રજુ કરવા.

હુકમ આજ તા. ૨૨મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભાળવી જાહેર કર્યો.

તારીખ : ૨૨–૦૨–૨૦૨૪
સ્થળ : દાહોદ

**(ચંન્દ્રપાલસિંહ. કે. ચૌહાણ)**
પ્રિન્સીપાલ સેશન્સ જજ
દાહોદ
જજ કોડ નં. GJ00513

***//C.H.B.//***